# ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામને શૈક્ષણિક નેતૃત્વમાં અજમાવીએ

અબુલ પાકીર જેનાલુદ્દીન અબ્દુલ કલામ સાહેબને આપણે વૈજ્ઞાનિક, રાષ્ટ્રપતિ, શિક્ષણવિદ્ તરીકે ઓળખીએ છીએ. તેમણે પોતાની આત્મકથાના સર્જન વખતે કહેલી કેટલીક બાબતો શૈક્ષણિક નેતૃત્વમાં પણ ઉપયોગી થઇ પડે તેમ છે. જે અહીં પ્રસ્તુત છે.

- જે બીજાને જાણે છે તે પંડિત છે, પણ ડહાપણવાળી વ્યક્તિ એ છે જે પોતાને જાણે છે. ડહાપણ વિનાનું પાંડિત્ય વ્યર્થ છે.
- જો તમે કોઇ વ્યકિતને હડધૂત કરો, તો કદી પણ તેની પાસેથી અપેક્ષિત પરિણામોની આશા ન રાખી શકો. તેવી જ રીતે તેનું અપમાન કરો અને ધિક્કારો, તો તેની પાસેથી સર્જનાત્મકતાની આશા પણ ન રાખી શકો.
- સમસ્યા અગત્યની બાબત છે. જે સફળતા અને નિષ્ફળતા નક્કી કરે છે. તેઓ જ વ્યક્તિની આંતર હિંમત અને ડહાપણને પ્રગટાવે છે.
- સમસ્યાની સામૂહિક સમજણ થાય તે જ અસરકારક નેતૃત્ત્વનું લક્ષણ છે.
- હું મારી કાયદાકિય સત્તા વાપરવાને બદલે લોકોને તેમને સોંપેલા કાર્યો માટે સમજાવવાનું પસંદ કરું છું.
- જેઓ પોતાનું હૃદય રેડયા વિના કામ કરે છે, તેઓ પૂરી સફળતા મેળવી શકતા નથી. તે તેની આસપાસ કડવાશ જમાવે છે.
- હું મારી શક્તિનો અંદાજ કાઢતો. પછી તેમાં પચાસ ટકાનો વધારો કરતો, ત્યારબાદ ખુદાના હાથમાં મારી જાતને સોંપી દેતો. આ ભાગીદારીમાં મને જરૂર હોય તે બધી જ શક્તિ હું મેળવતો.
- બધા બુદ્ધિશાળી લોકો જગતને અનુકૂળ થઇને રહે છે. માત્ર થોડા બુદ્ધિશાળીઓ, ન મનાય તેમ, જગતને પોતાને અનુકૂળ કરવા સતત પ્રયાસ કરતા હોય છે. સમગ્ર જગતની પ્રગતિનો આધાર આ અતાર્કિક લોકો અને તેમનાં નૂતન અને પરંપરાભંજક કાર્યો પર હોય છે.
- ઉપલબ્ધ કાર્યપદ્ધતિમાં વસ્તુઓને ઝડપી બનાવવા વધુ લોકો, વધુ વસ્તુઓ તથા વધુ પૈસા નાખવા પડે.તમે જો તે કરી ન શકો, તો પદ્ધતિને બદલાવી નાખો.
- સારો નેતા કેવો હોઇ શકે? તેમના સાથીઓ તથા તેમની પ્રતિબદ્ધતા કરતાં અને પ્રકલ્પમાં એક પૂરા સહભાગી કરતાં વધુ નહીં.
- “પરસ્પર કદર ક્લબ”ની જેમ પોતાની સફળતાઓ સાથે ઊજવવાની ટેવ પાડી હતી.
- નેતાનો અભિગમ : “હેન્ડઝ-ઓન”અભિગમ સભ્યના કામમાં નિયમિત રીતે સક્રિય રીતે રસ લે છે.”હેન્ડઝ-ઓફ” અભિગમ તેના સભ્યોનો વિશ્વાસ કરે છે અને તેઓ પોતાને યોગ્ય લાગે તેમ પોતાનો ભાગ ભજવવા તેમની સ્વતંત્રતાને સમજે છે. જયારે નેતા વધારે પડતા “હેન્ડઝ-ઓન” અભિગમનો અમલ કરે છે, તો તેને ચિંતાતુર અને ખલેલજનક વ્યક્તિ મનાય છે.
- વિરાટ પ્રોજેક્ટનું સંચાલન કરવામાં “પ્રત્યાયન“ એ મારો મંત્ર હતો. મારા જૂથના સભ્યો પાસેથી

- શ્રેષ્ઠ કામ કઢાવવાનું, હું તેમના સાથે વારંવાર સંસ્થાનાં ધ્યેયો અને હેતુઓ, અને આ ધ્યેયોના સાક્ષાત્કારમાં દરેક સભ્યનું વિશિષ્ટ પ્રદાન શું હોઈ શકે તેના પર ભાર મૂકતી વાતચીતો કરતો. સમાંતરે, મારી નીચે કામ લોકો દ્વારા આવતા દરેક વિધેયાત્મક વિચારો પ્રત્યે ગ્રાહક રહેતો અને તેનું યોગ્ય આલોચનાત્મક પરીક્ષણ તથા અમલીકરણ કઈ રીતે થાય તે પણ જણાવતો.
- નેતા તેના જૂથને માર્ગદર્શન આપવા ત્યારે જ મુક્ત હોઈ શકે, જ્યારે તે પોતાના સમય દરમિયાન તેની આસપાસ જે ઘટી રહ્યું છે તેનાથી પોતાને સતત પરિચિત રાખે છે. દોરવણી આપવી તે, એક રીતે જોતાં, નિરંતર કેળવણી પ્રાપ્ત કરવાની જ પ્રક્રિયા છે. સારા, સફળ જૂથ નેતા થવા કામના દિવસ દરમિયાનની ધાંધલ ધમાલ પછી પણ તેણે પાછળ રોકાવું પડે છે., જેથી તે વધુ શાસ્ત્રીય રીતે અને કાર્યમાં સજ્જ થઇ શકે, અને બીજા દિવસનો સામનો કરવા તૈયાર થઇ શકે.
- યોગ્ય સંકલનના અભાવે પુષ્કળ શ્રમથી કરેલ કાર્ય પણ શૂન્યતામાં પરિણમી શકે છે.
- આપણે માત્ર સફળતાઓને કારણે જ નહીં, નિષ્ફળતાઓને કારણે પણ આગળ વધતા હોઇએ છીએ.
- સંપૂર્ણ પ્રતિબદ્ધતા એ માત્ર સખત મહેનત નથી, તે સંપૂર્ણ સમર્પણ પણ છે.
- જેઓ પોતાના કામમાં સર્વોચ્ચ સ્થાને પહોંચવા માગે છે, તેમના માટે પૂર્ણ પ્રતિબદ્ધતા અગત્યનો ગુણ હોવો જરૂરી છે. મહત્તમ શક્તિએ કામ કરવાની ઇચ્છા અન્ય કોઈ બાબત માટે ભાગ્યે જ અવકાશ રાખે છે.
- જવાબદારીની કક્ષા વ્યક્તિની ઢીલાશ કે વિકેન્દ્રિત થયા વિના નિર્ણય લેવાની પ્રક્રિયાનો સામનો કરવાની શક્તિ પર મપાય.
- બંધબારણાની ચર્ચાઓ તથા ખાનગી ખટપટો દ્વારા સંચાલનમાં વિભાજિતતા આવે છે અને પતન થાય છે.
- થોડી પણ ખોટી પસંદગી કાર્યક્રમના સમગ્ર ભાવિને જોખમમાં મૂકી દઇ શકશે.
- ભલે એક ચોક્કસ ધ્યેય પ્રોજેક્ટ નેતા માટે સ્પષ્ટ હોઈ શકે, અને તેને સિદ્ધ કરવા તે યોગ્ય માર્ગદર્શન આપવા પણ સક્ષમ હોય, છતાં આ ધ્યેય જો નીચેની વ્યક્તિઓને સ્પષ્ટ ન હોય, તો તેઓ તેનો વિરોધ પણ કરે. અહીં જ નેતાનું મહત્ત્વ છે, જે અસરકારક માર્ગદર્શન પૂરું પાડે છે.
- સર્જનાત્મક નેતા કોને કહેવાય? મારા મતે, આવો નેતા લોકો પસંદ કરવામાં ખૂબ કાર્યક્ષમ હોવો જોઇએ. તે સંસ્થામાં સતત નવું લોહી ઉમેરતો રહેવો જોઇએ. સમસ્યાઓ અને નવા ખ્યાલો સાથે કામ કરવામાં તે કુશળ હોવો જોઇએ.
- નેતામાં તેની ટીમમાં ઉત્સાહ વધારવાની આવડત હોવી જોઇએ. તેણે જ્યાં જરૂર હોય ત્યાં યોગ્ય પ્રશંસા પણ કરવી જોઇએ. પ્રશંસા જાહેરમાં, ટીકા ખાનગીમાં.
- દૃઢ માન્યતાવાળી વ્યકિત કોઇ આગળ કાલાવાલા કરતી નથી કે પોતાને ઘણું કામ છે કે પોતાને કોઇનો ટેકો નથી, યા તેનું યોગ્ય સન્માન જાળવવામાં આવતું નથી. ….. તેને બદલે આવી વ્યક્તિ તો સમસ્યા સામે તેનું માથું ટકરાવી, તેનો સામનો કરે છે અને પછી વટથી કહે છે, “ઇશ્વરના એક બાળક તરીકે મારી સાથે જે કંઇ બને તેના કરતાં હું મહાન છું.“

- મારી પ્રેરણાનું મૂળ હંમેશાં હું ક્યાં પહોંચ્યો છું તેના કરતાં હજી મારે કેટલું આગળ વધાવાનું છે તે વિચારવામાં જ રહેતું.
- તકલીફો અને સમસ્યાઓ દ્વારા ઈશ્વર આપણને વિકાસ કરવાની તક પૂરી પાડે છે. એટલે, જ્યારે તમારી આશાઓ, સ્વપ્નાં કે ધ્યેયો નિષ્ફળ થાય, ત્યારે તેનો ભંગાર ફંફોસશો, તો તે વિનાશમાં છુપાવેલ સુવર્ણ તકો જોવા મળશે.
- નેતાઓ યોગ્ય સંસ્થાકીય માળખું અને કામની ડિઝાઇન પૂરી પાડીને, સખત કામને સ્વીકારીને તથા તેની કદર કરીને ઉચ્ચ પ્રકારની ઉત્પાદનક્ષમતાના સ્તરને સર્જી શકે છે.
- કોઈ પણ વ્યક્તિએ- ભલે તે ગરીબ, વંચિત કે નાની હોય - ક્યારે ય જીવન વિશે હતાશા  સેવવાની જરૂર નથી. સમસ્યાઓ તો જીવનનો એક ભાગ છે. પીડા કે સહન કરવું તે તો સફળતાનું સત્ત્વ છે.
- ઈશ્વરે એવું વચન ક્યારેય નથી આપ્યું કે આપણા સમગ્ર જીવન દરમિયાન આકાશ હંમેશાં ચોખ્ખું જ રહેશે, યા માર્ગો ફૂલથી ઢંકાયેલા રહેશે.
- તમારી સાથે છેતરપિંડી કરતાં અને સતત ગતિહીન બનાવવાનો પ્રયાસ કરતાં બાહ્ય દબાણોને ટાળીને જેટલાં નિર્ણય તમે લેશો, તેટલી તમારી જિંદગી વધુ ગુણવત્તાવાળી બનશે. અને તેટલો તમારો સમાજ પણ સારો બનશે.
- તમારી તમારા પોતાના જીવનને ખાસ કરી તમારી કલ્પનાશક્તિને, સમૃદ્ધ કરવા, તમારામાં જ રહેલ આંતરિક બળોનો ઉપયોગ કરવાની ઇચ્છા જ તમને સફળ બનાવશે.